સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-5 **ગુજરાતી** **જુલાઈ, 2020**

સમય: 1 કલાક **કુલ ગુણ: 25**

*** અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. ચિત્રવર્ણન કરી શકે અને લખી શકે છે.

પ્રશ્ન 1 નીચે આપેલ ચિત્રના આધારે શાકમાર્કેટનું તમારા શબ્દોમાં વર્ણન કરો. **5**

(પ્રજ્ઞાચક્ષુ માટે : શાકભાજી વેચનાર પોતાના શાકનાં વખાણ કઇ રીતે કરે છે? તમારા શબ્દોમાં વર્ણવો.)

અ.નિ. વાર્તા, ગીતો , કાવ્યો , વર્ણનો, વાતચીત, નાટકો, વાંચી અને સમજી શકે છે.

પ્રશ્ન 2 આપેલ ફકરો વાંચી નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. **5**

મંકુ મંકોડો ઝાડ પર ચડતો હતો , ત્યાં તેની નજર આકાશમાં ગઇ. એ તો ફટાફટ ઝાડ પરથી નીચે ઉતર્યો, અને બાજુમાં આવેલ ગુલ્લુ શેઠની કરિયાણાની દુકાને જવા નીકળ્યો. રસ્તામાં કંકુ કીડી મળી. કંકુ કહે, 'મંકુ ભાઇ ! આમ ઉતાવળે ક્યાં ચાલ્યા?' મંકુ કહે, ' કંકુબેન! ગલ્લુ શેઠની દુકાને જાઉં છું. ' કંકુ કહે. 'પણ એમાં આટલી ઉતાવળ ?' મંકુ કહે, 'કંકુબેન! આમ, ઉપર તો જુઓ.' કંકુએ ઉપર નજર કરી... 'ઓહો....હો... તો તો હવે થોડા જ સમયમાં દરેક જગ્યાએ પાણી જ પાણી! ચાલો, હું પણ મારી સહેલીઓને લઈને ત્યાં પહોંચુ છું.'

1. મંકુએ આકાશમાં શું જોયું હશે?
2. 'કરિયાણાની દુકાન' એટલે શેની દુકાન?
3. કંકુ સહેલીઓ સાથે ગુલ્લુ શેઠની દુકાને જવા કેમ તૈયાર થઇ ગઇ?
4. અહીં 'સહેલી' ને બદલે બીજો કયો શબ્દ વાપરી શકાય?
5. અહીં કઇ ઋતુની વાત કરવામાં આવી છે?

અ.નિ. કાવ્યની અધૂરી પંક્તિ પૂર્ણ કરી શકે છે.

પ્રશ્ન 3 આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. **5**

તું તરણાનો તારણહારો, ...

..... અહીં આગિયા, ભમરા.

અ.નિ. શબ્દ સમજ , શબ્દ – શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન 4 માગ્યા પ્રામાણે જવાબ લખો.

1. લીટી કરેલ શબ્દની જગ્યાએ તેના જેવા અર્થવાળો બીજો શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો. **2**
   - <u>સમુદ્રમાં</u> મોટાં મોજાં ઉછળે છે.
   - મેઘગર્જના જેવો ઘેરો <u>નાદ</u> ગુંજી ઉઠ્યો.
2. આપેલ કોષ્ટકમાંથી અંધારું, દૂર અને વિરાટ એ ત્રણ શબ્દના વિરોધી અર્થ ધરાવતા શબ્દો શોધીને લખો. **3**

અ	વા	મ	ન
ક	જ	અ	જ
મ	ળુ	વા	જી
ન	જી	ક	ળું

અ.નિ. **લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.**

પ્રશ્ન 5 લીટી દોરેલ શબ્દને બદલે કૌંસમાં આપેલ શબ્દ વાપરી જરૂરી ફેરફાર કરી વાક્ય ફરીથી લખો. **5**

1. મેં <u>રોટલી</u> ખાધી. (રોટલો)
2. <u>હું</u> પ્રવાસમાં જવાનો છું. (અમે)
3. રમેશ આજે શાળાએ <u>આવ્યો છે.</u> (આવશે.)
4. નેહાએ <u>એક</u> ગીત ગાયું. (સુંદર)
5. ગોલુ મોલુ અને ભોલુ પાક્કા ભાઇબંધ હતા. (અલ્પવિરામનો ઉપયોગ કરો.)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-5 **ગુજરાતી** **ડિસેમ્બર, 2020**

સમય: 1 કલાક **કુલ ગુણ: 25**

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ. નિ. મુદ્દા પરથી વાર્તા લખે છે.

પ્રશ્ન 1 મુદ્દા પરથી વાર્તા લખો. 5

નગરનો માર્ગ - માર્ગમાં પથ્થર - પથ્થર અનેકને નડે છે પણ કોઈ પથ્થર ખસેડતું નથી - એક માણસ પથ્થર ઉપાડે છે. - પથ્થર નીચેથી રાજાની ચિઠ્ઠી અને સરનામું - ચિઠ્ઠીમાં લખાણ - પથ્થર ખસેડવાનું ઈનામ - નગરજનોને અસર.

અ.નિ. પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપે છે.

પ્રશ્ન 2 આપેલા પ્રશ્નોના જવાબ લખો.

1. 'ચરણોમાં' કાવ્યમાં કવિને વહેલી સવારે ચાલવા જવાનું શા માટે ગમે છે? 3
2. 'કદર' પાઠમાંથી તમને કયું પાત્ર વધારે ગમ્યું ? શા માટે ? 2

અ. નિ. પરિચિત પરિસ્થિતિ કે વિષય પર લખે છે.

પ્રશ્ન 3 આ વખતે ઉત્તરાયણનો તહેવાર તમે કઈ રીતે ઉજવશો તે અંગે પાંચ-છ વાક્યોમાં જવાબ લખો. 5

અ. નિ. શબ્દ સમજ, શબ્દ-શબ્દ વચ્ચેનો સંબંધ. શબ્દસમૂહ, સ્વર અને વ્યંજન, સંયોજક, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન 4 ઉદાહરણને આધારે સરખા પ્રાસ વાળા શબ્દો લખો. 5

ઉદા. રંગ- સંગ

1. પાસ 2. પાંખ 3. ઉમંગ 4. નાદ 5. સૂર

અ. નિ. શબ્દ સમજ, શબ્દ-શબ્દ વચ્ચેનો સંબંધ. શબ્દસમૂહ, સ્વર અને વ્યંજન, સંયોજક, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન 5 જોડકાં જોડો. 5

(A)	(B)
1. ઝાડ તેમજ વનરાજીથી ઘટાદાર	1. જોગાણ
2. પૂરનાં પ્રવાહ જેવી ઝડપવાળા	2. ધણ
3. સૂરજની ઊગવાની દિશામાં	3. કુંજાર
4. ગાયોનું ટોળું	4. પાણીપંથા
5. પશુને ખાવાનું અનાજ	5. ઉગમણે

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 5 ગુજરાતી સપ્ટેમ્બર, 2020

સમયઃ 1 કલાક કુલ ગુણ 25

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. જોયેલ, સાંભળેલ અને કલ્પના કરેલ બાબતોનું વર્ણન કરી શકે છે.

પ્રશ્ન 1 આપેલ ચિત્રનું પાંચ છ વાક્યમાં વર્ણન કરો. **(05)**

(પ્રજ્ઞાચક્ષુ માટે – નીચે આપેલ શબ્દોનો ઉપયોગ કરી તમારા શબ્દોમાં વાર્તા લખો.

(ચકલી, પોપટ, ઝાડ, હીંચકો, માળો, શાળા, છોકરી, છોકરો)

અ.નિ. ભાષામાં થયેલ વિવિધ રજૂઆત સાંભળીને મુખ્ય વિચાર સમજી શકે છે.

પ્રશ્ન 2 નીચેનો સંવાદ વાંચી આપેલ પ્રશ્નોના જવાબ લખો. **(05)**

(ઘટુ ઘોડો તેના ભાઇબંધ ગપુ ગધેડાને મળવા કભુ કારીગરને ત્યાં ગયો.)

ઘટુ : અરે! ગપુ, આ માટલાના ઢગલા વચ્ચે શું બેઠો છે? ચાલ, સામેના મેદાનમાં જઇએ.

ગપુ : ના, તું જા. મને તો ક્યાંય જવાનો મૂડ નથી.

ઘટુ : અરે ! આ વરસાદ પછીના મેદાનને જોઇને તો તારો મૂડ આવી જશે, ચાલ.

ગપુ : પણ ત્યાં પેલો મોતી કૂતરો છે ને..... !

ઘટુ : હું છું ને ! તું ચિંતા ન કર.

પ્રશ્નોઃ

1. ઘટુ ગપુને 'મેદાન જોઇને મૂડ આવી જશે' એવું શા માટે કહે છે?
2. ગપુનો શેઠ શું કામ કરતો હશે ?
3. 'મૂડ ન હોવો' એટલે શું ?
4. ગપુ સ્વભાવે કેવો હશે ?
5. ઘટુ ગપુનો પાક્કો ભાઇબંધ છે એવું શા પરથી કહી શકાય ?

અ.નિ. લિંગ વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણનો સમજીને ઉપયોગ કરે છે.

પ્રશ્ન 3 કૌંસમાં આપેલ વિરામચિહ્નો નીચેના વાક્યમાં યોગ્ય જગ્યાએ મૂકો.

(, ? . "" !) (05)

1. આરવ તોફાન કરે છે
2. તમારી બહેન કયા ધોરણમાં ભણે છે
3. ઊભા રહો હું આવું છું.
4. અરે વાહ તમે તો ખૂબ સરસ વાર્તા કહો છો.
5. હીંચકો બોલ્યો, હું સૌથી મોટો છું.

અ.નિ. પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપી શકે છે.

પ્રશ્ન 4 નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.

1. તમને પારસમણિ મળે તો શું-શું કરશો ? **(02)**

2. તમને તમારી આસપાસ શું-શું સુંદર લાગે છે? શા માટે? **(03)**

અ.નિ. શબ્દ સમજ, શબ્દ – શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર, રૂઢિ પ્રયોગ, અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન 5 નીચે આપેલ શબ્દોના અર્થ જણાવી તેમની વચ્ચેનો અર્થભેદ સ્પષ્ટ કરો. **(05)**

ઉદા. સત – શત અર્થઃ સત- સત્ય શત- સો

1. ચિતા – ચિંતા
2. નર – નળ
3. શર – સર
4. સાપ – શાપ
5. ગોર – ગોળ

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 5 | **ગુજરાતી** | **તારીખ : 24/12/2021**

કુલ ગુણ : 25 | **સમય : 1 કલાક**

પ્રશ્ન 1 નીચે આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો. **(5)**

મીન્ટુ મકોડો પંખીઓનો કલરવ સાંભળી પોતાના ઘરની બહાર નીકળ્યો. "ઓહો, બહાર તો નીકળવા જેવું નથી," ધ્રૂજતો ધ્રૂજતો પોતાના હુંફાળા ઘરમાં ભરાઇ ગયો. આજે તેને કંઇક ગરમ ગરમ ખાવાનું મન થયું. તે ફરી પાછો પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો. ફૂણો ફૂણો તડકો લાગવાથી તેને મજા આવી. પશાકાકાના ખેતરમાંથી મીઠી મીઠી સુગંધ આવવાથી તે સીધો ત્યાં પહોંચ્યો. પશાકાકા તો મીન્ટુને જોઇ ખુશ થઇ બોલ્યા, "આજે તો તને ભાવતું ભોજન છે. ચાલ, આ ચિચોડો ચલાવીને તાવડામાં શેરડીનો રસ નાંખી ગરમ ગરમ ગોળ ખાવા બેસી જઇએ."

1. મીન્ટુને ગરમ ગરમ ખાવાનું મન કેમ થયું હશે?
2. તડકો ફૂણો ક્યારે લાગે ?
3. પશાકાકા શેરડીનો રસ કાઢવા કયા સાધનનો ઉપયોગ કરશે?
4. મીન્ટુ અને પશાકાકા ભોજનમાં ગળ્યું શું જમશે ?
5. સાપ, કીડી, ઉંદર, મકોડાના ઘરને શું કહેવાય ?

પ્રશ્ન 2 નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.

1. સવારના સમયના કુદરતી વાતાવરણનું ટૂંકમાં વર્ણન કરો. (3)
2. વાલા કેસરિયાના કાર્યની યોગ્ય કદર થઇ એમ કઇ રીતે કહી શકાય? (2)

પ્રશ્ન 3 નીચે આપેલા ફકરામાંથી વિશેષણ શોધીને લખો. **(5)**

નરેશ હોશિયાર વિદ્યાર્થી હતો. કોઇપણ હરિફાઇમાં તેનો પહેલો નંબર જ હોય. તેને ગુજરાતી વિષય બહુ સહેલો લાગતો. તેમાં આવતી સુંદર કવિતાઓ તેના શિક્ષક મધુર કંઠે ગાઇ સંભળાવતા.

પ્રશ્ન 4 કૌંસમાંથી બંધબેસતા રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો. **(5)**

ઉદા.- વાક્યઃ વજીર ઉપર રાજાની રહેમ નજર હતી.

રૂઢિપ્રયોગઃ વજીર પર રાજાના ચારેય હાથ હતા.

(મન ઠરવું, પડ્યો બોલ ઝીલવો, આંખ કરડી થવી, મન ઊઠી જવું, ફાટી આંખે જોવું)

1. પ્રિય શિક્ષકની બદલી થવાથી મીતાને ભણવામાં રસ નહોતો રહ્યો.
2. બધા કિંજલને એક જ શ્વાસે ગીત ગાતા નવાઈથી જોઈ રહ્યા.
3. ભરત તેના દાદાની આજ્ઞાનું હંમેશા પાલન કરે છે.
4. અશોકને દુકાનમાં બહાર લટકાવેલું દફ્તર જ ગમી ગયું.
5. કાચની બરણી તૂટી જતા દુકાનદારની આંખ ગુસ્સાથી લાલ થઈ ગઈ.

પ્રશ્ન 5 સરખા પ્રાસવાળા બે-બે શબ્દો લખો. **(5)**

ઉદા.- રંગ - ઉમંગ, સંગ

(1) ઘાસ (2) ગાન (3) અલ્લક (4) દૂર (5) નાદ

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ. ક્રમાંક	વિધાન
1	G501	વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચીને સમજી શકે છે.
2	G516	પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપે છે.
3	G528	લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.
4 અને 5	G529	શબ્દ સમજ અને શબ્દ શબ્દ વચ્ચેનો સબંધ, સ્વર – વ્યંજન, સંધિ, સમાસ, અલંકાર, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 5 | ગુજરાતી | તા. 11/02/2022

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

પ્રશ્ન 1 યોગ્ય વિકલ્પની મદદથી સંવાદ પૂર્ણ કરો. **(5)**

(અવાજ પરથી, તકલીફ કેવી, આંખની કમી, કેવી રીતે ઓળખ્યો, આ લાકડીની મદદથી)

મનુ : અરે ! કનુ, તું આ રીતે એકલો ! રસ્તામાં કંઇ તકલીફ નથી પડીને ?

કનુ : ના, ના !..... ?

મનુ : રસ્તામાં ખાડો કે પાણી આવે તો ?

કનુ : તો .....ખબર પડી જાય.

સોનુ : કેમ છો બધા?

કનુ : વાહ, સોનુ આવ્યો?

સોનુ : તેં મને .....?

કનુ : તારો અવાજ તો સાંભળેલો હતો ને!

સોનુ : પણ, આપણે તો એક જ વાર મળ્યા છીએ.

મનુ : માત્ર .....જ ઓળખી ગયો?

કનુ : મને મારી ..... ક્યારેય નથી લાગી.

પ્રશ્ન 2 નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

(1) લિંકનની જગ્યાએ તમે હોય તો પુસ્તકની કિંમત કઇ રીતે ચૂકવો? **(2)**

(2) વોલ્ટરના વિજયનાં મુખ્ય કારણો જણાવો. **(3)**

પ્રશ્ન 3 નીચે આપેલા ફકરાને યોગ્ય વિરામચિહ્નનો ઉપયોગ કરી ફરીથી લખો. **(5)**

શ્રી કૃષ્ણએ પગમાં સુંદર મોજડી પહેરી છે તેમણે વેઢ મોડિયો કડલાં અને બેરખાં પહેર્યાં છે મારા વા'લાની સુંદરતા મનમોહક છે

પ્રશ્ન 4 આપેલ શબ્દના અક્ષરો પરથી પાંચ નવા શબ્દો બનાવી તેને શબ્દકોશના ક્રમમાં ગોઠવો. **(5)**

- ભાવનગર

પ્રશ્ન 5 નીચે આપેલ મુદ્દાને આધારે વાર્તા લખો. **(5)**

હાથીનું નદીમાં નહાવા પડવું..... પગ નીચે માછલીઓનું દબાવું ..... માછલીઓનું ભેગા થવું ..... હાથીને વિનંતી ..... સમજદાર હાથી ..... હાથીનું નદીની બહાર નીકળી જવું- હાથીનું સૂંઢમાં પાણી ભરી નહાવું ..... માછલીઓની ખુશી ..... માછલી અને હાથીની મિત્રતા.

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	G501	વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચીને સમજી શકે છે.
2	G516	પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપે છે.
3	G514	યોગ્ય વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરી શકે છે.
4	G508	આશરે 2500 જેટલાં શબ્દો સમજી શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.
5	G513	મુદ્દા પરથી વાર્તા લખી શકે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 5 | **ગુજરાતી** | **સપ્ટેમ્બર, 2021**

સમયઃ 1 કલાક | **કુલ ગુણઃ 25**

G519 ચિત્ર વર્ણન કરી શકે છે અને લખી શકે છે.

પ્રશ્ન 1 નીચે આપેલ ચિત્રને આધારે પાંચ વાક્યો લખો. (5)

(પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે) સ્વતંત્રતા દિવસ વિશે પાંચ વાક્યો લખો.

G501 વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચીને સમજી શકે છે.

પ્રશ્ન 2 નીચે આપેલ સંવાદ વાંચી પ્રશ્નોના જવાબ લખો.

લીમડો : આ પંખીઓને કેવી મજા ! ઊંચે ઉડવાનું, નવું નવું જોવાનું અને ફરવાનું. મને પણ આવું બધું બહુ ગમે.

પંખી: અરે, લીમડાભાઇ ! કેમ ઉદાસ થાઓ છો? તમે તો બધા માટે કેટલા ઉપયોગી છો!

લીમડો : તમને તો અલક મલકની વાતો સાંભળવાની ને જાણવાની મજા આવે !

પંખી : હા, એ વાત સાચી. પણ ક્યારેક તો આખો દિવસ ફરીએ તો પણ ખોરાક ન મળે એવું પણ બને.

લીમડો : ઓહો! હું પણ આપને બારેમાસ ફળ નથી આપી શકતો.

પંખી: અરે લીમડાભાઇ! તમે તો અમારો વિસામો છો.

1. લીમડાને પંખીઓનો વિસામો કેમ કહ્યો છે? (1)
2. લીમડો શા માટે ઉદાસ થયો હતો? (2)
3. લીમડો પંખીને શા માટે નસીબદાર સમજે છે? (2)

G512 પ્રશ્નોના યોગ્ય જવાબ આપી શકે છે.

પ્રશ્ન 3 નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.

1. આપણે ચબૂતરો બનાવવો હોય તો કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ ? (2)
2. તમને પારસમણિ મળે તો તમે શું કરો ? (2)
3. 'આગિયા' એટલે શું? (1)

G5.28 લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.

પ્રશ્ન 4 લીટી કરેલ શબ્દની જગ્યાએ કૌંસમાં આપેલ આપેલ શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો. (5)

1. કબૂતર ઝડપથી ઉડી ગયું. (ચકલી)
2. કાગડો ગીત ગાતો હતો. (કોયલ)
3. છોકરો રમતો હતો. (છોકરાં)
4. રમેશ બસમાં બેઠો. (તેઓ)
5. હું શાળાએ જઇશ. (અમે)

G5.28 લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.

પ્રશ્ન 5 આપેલ ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો. (5)

થોડીવાર પછી મનોજે આંખો ખોલી મિત્રો એને પૂછવા લાગ્યા કે મનોજ તને અમારી બૂમો જ ન સંભળાઈ અહીં કેટલો મોટો સાપ આવ્યો હતો મનોજે કહ્યું કે હું તો મારી રમતમાં મશગૂલ હતો

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – 5 ગુજરાતી (ગુજરાતી માધ્યમ) જુલાઈ, 2021

સમય : 1 કલાક કુલ ગુણ : 25

અ.નિ. ચિત્રનું વર્ણન સાત આઠ વાક્યમાં કરે છે.

પ્રશ્ન 1 **આપેલ ચિત્રને ધ્યાનપૂર્વક જોઇ તેને અનુરૂપ વર્ણન કરો. (પ્રજ્ઞાચક્ષુ માટે - આપણે વૃક્ષો શા માટે વાવવાં જોઇએ? પાંચ વાક્યો લખો.)** (5)

અ.નિ. વર્ણનાત્મક લખાણ વાંચી શકે છે અને સમજી શકે છે.

પ્રશ્ન 2 **આપેલ વાર્તા વાંચી નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.** (5)

સિંહનું બચ્ચું સોનુ અને હરણનું બચ્ચું મોનુ બંને પાક્કાં મિત્ર, થોડીવાર પણ એકબીજા વિના ન ચાલે. બંને પાછા મનમોજી પણ ખરાં! આખો દિવસ જંગલમાં ઉછળકૂદ કર્યા કરે, આમ તેમ દોડ્યા કરે અને રમ્યા કરે. એક દિવસ સોનુની માએ તેને સમજાવ્યું કે, 'તું અને મોનુ બંને અલગ છો.' તો સોનુએ કહ્યું, 'તે મારો પાક્કો ભાઇબંધ છે. હું હંમેશાં તેનું ધ્યાન રાખીશ.'

1. 'મનમોજી' એટલે કેવા?
2. 'ઉછળકૂદ કરવી' શબ્દ વાપરી નવું વાક્ય લખો.
3. તમને સોનુ અને મોનુ બંને અલગ કેવી રીતે લાગે છે?
4. સોનુએ 'મોનુનું ધ્યાન રાખીશ' એવું શા માટે કહ્યું હશે?
5. સોનુ-મોનુ રમતાં હોય અને વાઘનું બચ્ચું આવી જાય તો કોણ કોને બચાવશે?

અ.નિ. સર્વનામ, વિશેષણ, આજ્ઞા, વિનંતી, સૂચના, સ્થળ અને સમય વાચક અવ્યય, પુનરાવર્તિત પ્રયોગો, સંયોજકોનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન 3 નીચે આપેલ વાક્યમાં આજ્ઞા, વિનંતી કે સૂચના છે તે જણાવો. (5)

(1) પ્રવાસમાં આવનાર દરેક વ્યક્તિએ પોતાની જરૂરિયાતની વસ્તુઓ સાથે રાખવી.

(2) શાળા શરૂ થતાં દરેક વિદ્યાર્થીએ ફરજિયાત માસ્ક પહેરીને આવવાનું રહેશે.

(3) તમે મારા આ કામમાં મદદ કરશો તો હું આપનો આભારી રહીશ.

(4) હંમેશા માતા-પિતાની સેવા કરો.

(5) તમારા બૂટ - ચંપલ અહીં ઉતારો.

અ.નિ. નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

પ્રશ્ન 4 સૂચના મુજબ જવાબ આપો.

(1) નરેન્દ્ર વાંચે છે. નરેન્દ્રએ વાંચ્યું હતું. (1)

મોર દાણા ચણે છે. _____

(2) મેં મેદાનમાં બિલાડી___પગલાં જોયાં હતાં. (1)

(3) નભ- ગગનઃ નાવડી-_____ (1)

(4) તમને ગમતાં પાંચ ફળોનાં નામ લખી તેમને શબ્દકોશના ક્રમમાં લખો. (2)

અ.નિ. આપેલા શબ્દો, શબ્દસમૂહો જોડીને વાક્ય, પરિચ્છેદ કે વાર્તાની રચના કરે છે.

પ્રશ્ન 5 **નીચે આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવો.** (5)

શાળા, શિક્ષક, બાળકો, બગીચો, વાનર, પક્ષી, વરસાદ, દેડકો, ખિસકોલી, લીમડો, ફૂતરો, નાસ્તો, ઝઘડો, મજા